૫૦૧૧

શ્રી જૈનધર્મ સ્વેતાંબર શ્રીમન્નાગપૂરિય તપગ-
ણ ગગનાંગણ નભોમણી શ્રી પાર્શ્વચંદ્ર સૂ-
રિ સંતાનીય ભટ્ટારક શ્રી ભાત્રીચંદ્રજી
મુનિમહારાજ.

श्रावक उपदेसीका.

દુહા

ભાવે ભજો ભાઇચંદ્રજી, ભવજળ તારણ નાવ;
વિન્તી વલ્યમ સુતની, વાંચીને ગુણ ગાવ.

જૈનધર્મિ ભાઇયોને સારૂ

પ્રસિદ્ધ કર્ત્તા

શાહ લલુ વલ્યમ ધોલેરાવાળા
મુ. વિરમગામ

અમદાવાદ
પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસમાં
નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપી.
આ પુસ્તક શ્રી બજોણાના સંઘ તરફથી મળે છે.

५०११

श्रावक ऊपदेसीका.

દુહા.

પાર્શ્વ ચંદ્ર સૂરિ શ્વરગચ્છે, સ્વેતાંબર મુનિરાય;
ભ્રાત્રી સસી લલુ મન વસી, કરશે આપ સહાય.

શ્રી ગુરૂ ગણાધીપતી ગૌતમ સ્વામીને નમઃ

આર્ય જૈનબંધુઓને સુચના.

હે પર્મ સાધર્મી જૈનબંધુઓ શુદ્ધ શ્રદ્ધાભિલાસી હાલમાં આપણા જૈન વર્ગીઓમાં જે જે બાબતની ધર્મની લાગણીઓમાં કરવા લાયક ધર્મની બાબતના સુધારાઓ તે બીનાને સુવરાવી દઇને અનુચીત જે ક્રોધ, ઈર્ષા, દ્વેસ, માન, નીંદા, ઈત્યાદીક અવગુણો જે ધર્મમાં મુળથી નીકંદન કરેલા તે અવગુણો હાલમાં વીશેષે દેખવામાં આવેછે. પણ તે કદાપી જૈન સાંધર્મીને હોયજ નહી. અને ઈર્ષાદીક અવગુણના સંગી થવું. તે નકેવળ સઠાચરણા છે. અને જૈન દર્શનીઓની અસર કયારે માલમ પડેછે. કે જ્યારે તેવા દુરગુણો મુળથી નાશ પામેલા હોય ત્યારે તેમ છતાં કદાપી સંસારી બાબતોમાં તો તે કારણો વળગેલા રહ્યા છે તેથી મુક્ત થનાર પ્રાણીઓ વિરલાજ હશે. પણ ધર્મની બાબતમાં તેવા ગોટાળા કોઇ રીતે રાખવા તે ઊચ્ચીત નથી. કારણ કે ધર્મમાં એક બીજાના માન દશાના અવગુણે કરી કેટલીક બાબતોમાં સુધારો ન થતા ધરમાદાના કામોમાં

હર વખત હાની પહોચે છે માટે ધરમાદા ખાતાના જે ફંડો હોય તેનો ખુલાસો કરી કોઇ રીતે અડચણ ન આવે. અને ધરમાદા ખાતાના કામમાં સંપુર્ણ ચોખવટ રહે, આં શ્રાવક ભાઇયોને કોઇ પણ રીતે ધર્મની બાબતનો અંગ ઊપર ડાગ ન લાગે તેવી રીતના જે જે સ્થાનકો દેરાશર ઊપાશ્રય ધર્મશાળા તીર્થ સ્થાનક પાંગળા પોળ જ્ઞાનખાતુ સૂભ ખાતુ સાધારણ ખાતુ તે વીગેરેના સ્થાનકોની અગર તે સબંધી દ્રવ્યોની પુર્વાપર ધર્મની લાગણી કોઈ રીતે વિરોધ ન આવે. પક્ષપાત ન જણાય અને રાગદ્વેસ માન દશા દુર વરજીને આવા કામમાં સંપુર્ણ ચીત્ત પરોવીને સૂધારો કરવા બાબત ધ્યાનમાં લેશોજી, અને ધરમાદા ખાતાના રૂપીઆ ઘરેણા વાસણ, વસ્ત્ર, વાહન, મુકામો વિગેરે કોઈ જાતની ચીજોમાં પોતાના ઘર કામે વાપરવીજ નહી. તેમજ કોઇને પણ ઘર કામે મોશરમે વાપરવા દેવી નહી, અને ધર્મના કાર્યમાં અગર તે બાબતથી લાભ ગળીને વધારો થતો હોય તો તેમાં કાંઇ અટકાવ છે નહી. માટે અહો સૂજ્ઞજનો ધર્મના કાર્યોમાં ઊત્તેજન આપી. અને તેનું ખર્ચ પુર્ણ થાય. અને સૂધારા સાથે વધારો હર વખત થયા કરે તેવા ઊમંગો આનંદ સાથે અંગ ઉપર ધારણ કરવા જેથી આ ભવમાં સૂજસ સંપદા અને પરભવમાં મુક્તી ફળ પામવા ઉજમાળ થશો. જેમ શ્રી મુનીમહારાજ ભાઈચંદજી સ્વામી ગામાનું ગામ વિચરતા ભવી જીવોને પ્રતીબોધ કરતા. સંવત ૧૯૪૮ ના ફાલ્ગુણ માસે ગામ

શ્રી બજાણે પધાર્યા. અને ત્યાંના શ્રી સંઘે અતી આગ્રહ પુર્વક સામઇયુ કર્યું. ધાગધુમ સાથે મહારાજ શ્રીને થોડા દીવસ સ્થીરતા કરાવી. ત્યાર બાદ મહારાજ સાહેબ વિહાર કરી. ગામ ઉપરીઆલે જાત્રા કરવા સારૂ પધાર્યા. ત્યારે બજાણાના દરબાર સાહેબ તથા શ્રીસંઘે અનોઅન્ય વિચાર કર્યો જે આવા મહાત્મા પુરૂષોનું પધારવું પુરણ ભાગ્યેજ બની શકે કારણ કે મહા વૈરાગ્યવાન શુદ્ધ પરૂપક સંપુર્ણ જૈન શ્રેણીના જાણનાર તેવા પ્રભાવીક પુરસોનું આવા નાના ગામોમાં વધારે વખત રોકાવાનું થાય તો આપણે સારા માર્ગમાં પ્રવર્તવાપણુ થાય. અને ધર્માદા બાબતની ધુચવણનો ખુલાસો સારી રીતે. ચોખવટથી બની આવે માટે આ મુનીરાજ મહારાજને અત્રે પાછા તેડી લાવવા તેમ વીચારીને શ્રી બજાણાના સંઘે તથા દરબાર સાહેબે વિનંતી કરવા સારૂ પોતાના કામદાર તથા ઘણા માણુસોના સમુદાય સાથે ગામ ઉપરીઆળે જઇ મહારાજ સાહેબને પાછા બજાણે આવવાની અતી આગ્રહથી વિનંતી કરી. ત્યારે મહારાજ સાહેબે લાભાલાભનું કારણ દેખી શ્રી બજાણે પધાર્યા. ત્યારે ત્યાંના દરબાર સાહેબ ઘણા વીવેકી અને વીનયવાન નીતી અને ધર્મની ટેવ ધારનાર વૃદ્ધ અવસ્થાવાન ભેખ ધારીને બહુ માન આપનાર જીવ ઉપર દયાના પળાવનાર ધર્મની બાબતમાં સારી મદદ આપનાર સત્ય સીયળ ગુણે કરી સહીત દરબાર સાહેબ મલેક નસીબખાંનજી તથા વિવેકી વીનયવાન સમય સાવધાન

પ્રીતી ભકતીવાન ગુણ ગ્રાહી ગુણીજનના અભીલાષી ધર્મ-
કૃત્યમાં સ્થંભ સકળ શ્રાવકના ગુણધારક રાજમાન રા-
જેશ્રી કામદાર સાહેબ મોતીચંદભાઇ ઓધવજી તથા વોરા
ખુશાલ વસતા. તથા શા. તેજપાળ કસળચંદ. તથા શા.
છગનલાલ મકનદાસ તથા ઝવેરી. ખેમચંદ તારાચંદ. તથા
શા. ભાયચંદ દલુ. તથા શા. દલીચંદ મોતીચંદ. તથા
શા. ઊમેદ પરભુદાસ. તથા શા. ડાગર ત્રીકમ. તથા કોર-
ડીઆ ત્રીભોવન લવજી. તથા શા. જસરાજ ખોડીદાસ.
વિગેરે શ્રી સંઘ સમસ્ત દીપતા સદગ્રહસ્થો મળી વી-
ચાર કર્યો જે આવા પ્રભાવીક પુરૂષોના ટકાવથી ધર્માદાની
બાબતનો ખુલાસો કરી નાખવો. માટે જેમ થાય તેમ કરીને
મહારાજને સ્થીરતા દીવસ ૧૫ સુધી કરાવવી પછી એવો
વીચાર કર્યોજે અઠાઇ મહોચ્છવ કરવો કે જેથી કરીને ધ-
ર્મની ઉન્નતી તથા સાસનની શોભા વધે એમ ધારી દર-
બાર સાહેબે ધર્મ કૃત્યના પાયાને મજબુતી માટે રૂ. ૨૦૦)
ની રકમ ભરાવી હતી. તથા કામદાર સાહેબે રૂ. ૧૦૦)
ની રકમ ભરાવી હતી ત્યાર બાદ શ્રાવક ભાઇયોએ પોતા-
ની શકતીને અનુસારે મામ પ્રમાણે અઠાઇ મહોચ્છવની
રચના અને મંડપની શોભા તેમજ છત્રીસ વાજા સાથે
જળજાત્રા તરીકે સંપુર્ણ શોભનીક આંનદકારી મહોચ્છવ
કર્યો હતો. તેવા નીમીતથી તથા દરબારશ્રીના તથા શ્રીશંઘ-
ના અતી આગ્રહથી અને ધર્માદાના કામોમાં સુધારાનો
લાભ જાણીને મહારાજ સાહેબે સ્થીરતા કરી અને શ્રી સં-

ધગાં કોઇ વરસની જે જે ધર્માદા ખાતાની ઉધરાણી તથા ામાની ચોખવટ નહોતી. તે તગામ ચોખવટ કરી ખુલા-સો કરી નાખ્યો છે. જેથી કરી કોઈ રીતે ધર્માદાના કા-મોમાં ખલેલ પહોચે તેવું અંસ ગાત્ર રાખ્યું નથી, તેગ સંપુર્ણ રીતે સુજસ મેળવી. ખરા વખતે બજાણુંના શ્રીસંઘે અતી ઊદારતાથી ભક્તીને પ્રીતી સાથે લહાવ લઈ જાણગોછે તેવું શ્રી પાટડીના સંઘની ધ્યાનમાં બીના આવવાથી તે પાટડીના શ્રાવકોએ પુર્ણ પ્રેગ સાથે મહારાજ સાહેબને ગામ બજાણેથી શ્રી પાટડી તેડી લાવ્યા હતા અને ત્યાંના પણ શ્રી સંઘે ઝાઝા વખત સુધી મહારાજને રોકવણી કરી હતી અને ઘણા વર્ષના ઘુંચાએલા ધર્માદા ખાતાના નામા ઠાગાની ઉઘરાણી હતી. તે તગામ ઉધરાવી નાગા ચોખા કરી અને ધર્માદા ભારનો બોજો જે માણસો માથે હતો તે ઊતારી મુક્ત કર્યા છે. માટે હવેથી કોઇ રીતે વિરોધ વીખવાદ કે વાંધો આવે તેવું રાખ્યું નથી. તમામ બાબતોથી સુધારો કરી. ચોખ કરી છે. બીજુ શ્રી પાટડીના સંઘે મળી કરેલો અઠાઈ મહોચ્છવ તથા બાપુ સાહેબનું પધારવું. અને મહારાજ સાહેબના ગુણોનું વર્ણન તે (ગુણમણી ગંજુસા) નામનું પ્રગટ થયેલું પુસ્તક વાંચવા-થી વાકુબ થશોજી. તે પુસ્તક શ્રી પાટડીના સંઘ તરફથી ભેટ દાખલ વહેચવામાં આવ્યું છે.

વિશેષ જૈનવર્ગીઓ સાથે નમ્રતા પુર્વક સુચના કર-વાનુ જે હાલમાં આવા સદગુણી મુની મહારાજ સાહેબનો

જોગ મળવાથી જેમ શુદ્ધ માર્ગને અનુસરવા ભય ભેરૂ થઈ જેમ બજાણા તથા પાટડીવાળાએ ધર્માદા બાબતની ચોખ કરીને સદગુરૂની દેશના સાંભળી લેખે લગાડી છે તેમ હું આર્ય બંધુઓ આપણા ધર્માભીમાન ધારી ધર્મના કામમાં ઉત્તેજન આપી. આત્માને પરીશ્રમ પહોંચાડી ભાવ સહિત આવા સુકૃત્યમાં સહાયકારી થશો.

સદગુણી ગુરૂની દેશનાનું શ્રવણ કરી. અમુલ્ય મનુષ્ય જન્મનો લાભ લઈ સુકર્ત્તાર્થ કરવું. તેજ પ્રગાણીક આર્ય જૈનબંધુઓનો ધર્મ છે અને આવા શુદ્ધ ગુરૂ મહારાજ રાગદ્વેષ, માનદાસ રહીત પક્ષપાત સીવાય ધર્મ બાબતમાં ઊત્તેજન આપી સાસનને શોભાવે છે માટે તેવા ગુરૂના જોગ મળ્યાથી આવા ધર્મ કૃત્ય કામોમાં આપેલી ગુરૂની દેશના ધારી અંગીકાર કરી પ્રયાસ સફળ કરવો જેથી કરી સારા ફળનો ભાગીદાર થાય. અન્ય દર્શનીયોમાં શોભા વધે સુજસ સુખ પામે. પરભવમાં સ્વર્ગ મુક્ષાદીકની સંપદા પામે.

(રાગ લાવણી.)

ગુણવંત ગુરૂના ગુણ ગણું હું આજે,
ભવીભાવે ભજો ભાઈચંદ્ર મહા મુનીરાજે,
ભવજળનું તારણ નાવ જાવ ક્યાં વહાલા,
લાગી મોહની ભ્રમ તણી ઘણી કહુ લહાલા,
મહા વર્ત ગુરૂ ગુણવંત પાળતા આપે,
વળી પાળે પંચા ચાર વૃંદ ભવ કાપે,

બાવીસ બળીયાથી થયા મુક્ત શીર તાજે
ભવીભાવે ભજો ભાઈ ચંદ્ર મહા મુનીરાજે. ૧
છો સુકૃત્યમાં સુરવીર ધીર ગુણવંતા,
કર્યા ચોર ચ્યારને ચપટ બહુ બળવંતા,
સાકરથી સરસ છે ગળી ગુરૂની વાણી,
જાણે ખીર સમુદ્ર નીર જરૂર લ્યો જાણી,
પંડીતમાં છો પ્રખ્યાત આપ સહુ મતના,
વસુધાંને વિષે વિખ્યાત છકાયની જતના,
વળી ભેદ ભણ્યા ભલીભાત કીર્તિ બહુ ગાજે,
ભવી ભાવે ભજો ભાઇચંદ્ર મહા મુનીરાજે. ૨
વ્યાકરણમાં વડા વિદ્ધવાન શબ્દ રસ ભારી,
સાહે મુખચંદ્રાકાર ગુરૂ ગુણ ધારી,
કરે ભવીભાવથી જેહ ગુરૂના દરશન,
દુઃખ ટળે દુર દોહંગ દેવીંદ્ર પરસન,
તરવાનુ સફરી જહાંજ જરૂર હું જાણું,
ભ્રાત્રી ચંદ્ર મુણીંદ્ર જગત પરમાણું,
સુખદાયક લાયક સર્વ જીવના છાજે,
ભવીભાવે ભજો ભાઈચંદ્ર મહા મુનીરાજે. ૩
ધરો તરો ડરોને ભરો ગુણી ગુરૂ ગ્યાની,
ધનગાજ છબી જોઇ આજ મેરે મન માની,
પ્રભુ પ્રીત નીત્ય રીસ જીત્ય અજીત ગુરૂ મેરા,
આપ જાપ તણા પરતાપ મીટે ભવ ફેરા,
ઝટપટ છટફટ ગતી ચ્યાર ફરી ચકચુરા,

છો ક્ષમા તણા ભંડાર સાંન્તરસ પુરા,
વિતરાગી તુમારો વેસ વારી જાઊ આજે,
ભવી ભાવે ભજો ભાઇચંદ્ર મહા મુનીરાજે. ૪
સ્વંત ઓગણીસે સુખકાર વરસ અડતાળી,
ફાલગુણ કૃશ્ન અષ્ટમી અતી રઢીઆળી,
વિન્તી સૂત વલ્યમ તણી ધરોને કાને,
ગાયા પુર પાટડી ખ્યાલ સભા દરમ્યાને,
છે ધોલેરા મુજ ધામ બંદર કે કયારે,
હવે વતન છે વિરમગામ નવી બેજારે,
ગાવે લલુ લાવણી બજાવી બાજે,
ભવી ભાવે ભજો ભાઈ ચંદ્ર મહા મુનીરાજે. ૫

સમાપ્ત.

अर्पणपत्रिका.

રા. રા. કામદાર સાહેબ મોતીચંદભાઇ ઓધવજી તથા રા. રા. ગાંધી કચરાભાઈ કતુરદાસ આપના તરફથી મને પુરતી મદદ મળેલી છે માટે આપનો આભાર માનું છું અને તેની સાથે આ લઘુ પુસ્તક અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

જાહેર ખબર.

અમારે સાંથી જૈનધર્મની તથા નાટકની ચોપડીઓ વેચાય છે માટે જે સાહેબોને મંગાવવી હોય તેમણે નીચેને સીરનામે પત્ર લખવો.

મુ. વિરમગામ.

શાહ. લલ્લુ વલ્લભ ધોળેરાવાળા.

ઠે. નવી બજાર.